સલામી સવારની..

નોટબંધીના ઝાંખા ધૂમાડે, પ્રગટી છે હોળી!
વિકાસને ખોળે બેઠી પ્રજા, પ્રગટી છે હોળી!
ખટકતા નેતાઓની બાબરીમાં પ્રગટી છે હોળી!
પાટીદાર-દલિત સમિધે, પ્રગટી છે હોળી!
(સૌને હેપ્પી હોલી...)

હાઈકુ

સૌ બેઠા લઈ,
સળગતાં લાકડાં
પ્રગટે હોળી...

યુપી ચૂંટણી
લાગી અગન જ્વાળા
હોળાષ્ટકમાં...

ચિંતન

શશિ-દિવાકરો યો ગ્રહ પીડનં ગજભુજંગં યોરપિ બંધનમ્ ।
મતિમતાં ચ વિલોક્ય દરિદ્રતાં, વિધિ રહો બલવાનિતિ મે મતિઃ ॥

આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના 'નશીબનો મહિમા' નામના બીજા અધ્યાયમાંથી લેવામાં આવ્યો છે :

સૂર્ય અને ચંદ્ર જેવા મહાન ગ્રહોને પણ રાહુની પનોતી પીડા આપનારી છે અને હાથી એક સાપ જેવાં બળવાન પ્રાણીઓને પણ બંધનમાંથી પડી પરાધીન જિંદગી ભોગવવી પડે છે. બુદ્ધિશાળી-વિદ્વાન-પંડિતોને પણ ગરીબી ભોગવવી પડે છે, આ બધું જોતાં વિધાતાની ન્યાય પ્રક્રિયા અને બુદ્ધિમતા ખરેખર શંકા ઉત્પન્ન નથી કરતી શું ?

ગમે તેવા સત્તાધીશ-બળવાન ને પણ જયારે એનો પુણ્યકાળ પુરો થાય ત્યાર પછી કરેલાં પાપ-કર્મોનો હિસાબ આપવાનો થાય જ છે. ભગવાન કૃષ્ણનો જન્મ કારાગારમાં થયો છે. મૃત્યુ એક શિકારીના બાણથી થયું. શ્રીરામને આખી જિંદગી વનવાસ અને પત્ની વિરહમાં વિતાવવી પડી. આ 'કર્મ'ની માયાજાળ કોઈને છોડતી નથી.

સુવિચાર

- અજ્ઞાન એટલે બુદ્ધિનો ભ્રમ નહિ, પણ આત્માનો અંધાપો, જ્ઞાન એટલે કેવળ બુદ્ધિથી કરેલો આદર્શ નહિ, પણ આત્માનું દર્શન - **રામાનુજાચાર્ય**
- પ્રસિદ્ધિ કરતાં યોગ્યતા વધારે સન્માનીય છે - **સર્વેન્ટીસ**
- જીવનમાં વિષાદ પામવાનું કારણ આળસ સિવાય બીજું કંઈ નથી, એનો સૌથી સારો ઈલાજ છે પ્રવૃત્તિ - **એન્ટોવ ચેખોવ**
- પોતાના પૂર્વગ્રહોને ફગાવી દેવાને બદલે માણસો તેના પર સફેદો લગાવીને એવો ઢોંગ કરે છે જાણે કે એ મોટો સિદ્ધાંત હોય - **બ્લેઝ પાસ્કલ**
- જે લાયક નથી તેની પ્રશંસા કરવી એ છૂપો કટાક્ષ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વેડફીને ઝંખતા રહેવા કરતાં બચાવો અને માણો - **રૂસો**
- સંપત્તિ જેટલા સુખો આપે છે તેથી વધુ એ વસૂલ કરે છે - **મનહર મોદી**
- આજનું ઔષધ : સ્તનપાન કરાવનાર માતાઓમાં કેન્સરનું પ્રમાણ ઓછું હોય છે માનું દૂધ પીનાર બાળકની દૃષ્ટિ અને પ્રાણશક્તિનો વિકાસ કરે છે. **(સંકલન : દિપક વી. આસરા)**

બોધકથા

ગાંધીજી - ભગવાન ઈશુના સિદ્ધાંત મુજબ કોઈ ક્રોધી-હિંસક-દુષ્ટ માનવીને ક્ષમા આપી ક્ષમાશીલ બનવું જોઈએ, પણ આજના જમાનામાં એવા દુષ્ટો પોતાની મર્યાદામાં રહેતા નથી અને એને ક્ષમા આપવાથી વધારે 'અત્યાચારી' થઈ જાય છે. એવાલોકો જયારે ન સમજે ત્યારે યોગ્ય રીતે તેમને પાઠ ન ભણાવવો પડે...

જયોર્જ વિલિયમ સેવાભાવી દયાળુ અને શ્રદ્ધાળુ હતા. દરરોજ દેવળમાં પ્રાર્થના માટે જતા. પાદરી તેને બરાબર ઓળખતા હતા. એકવાર જયોર્જ પોતાની બેઠક પર બેસી શાંતિથી પ્રવચન સાંભળતા - ત્યાં એક દુષ્ટ-દાદા જેવી વ્યક્તિએ તેને ખસી જઈ જગ્યા આપવા કહ્યું. જયોર્જ તેને આગળ જ પડેલી ખાલી જગા ઈશારે બતાવી - પેલો પાદરીના પ્રવચન દરમિયાન ગમે તેમ બોલવા લાગ્યો. અને જયોર્જ ને તમાચો ચોડી દીધો.

જયોર્જે બીજો ગાલ ધર્યો - પેલાએ બીજા ગાલે પર તમાચો માર્યો. પછી જયારે ઊભો થયો અને એ દુષ્ટને ઊંચકી જમીન પર પછાડ્યો. પાદરીએ જયોર્જને પૂછ્યું તમે તો ક્ષમાવાન છો... છતાં આવું કેમ કર્યું ? જયોર્જ કહે - દુષ્ટ ન ક્ષમા આપવાથી એ અત્યાચારી થઈ જાય, એને તો સજા કરવી જ પડે!

ગરવા ગુજરાતી નેતાઓની વિજયકૂચ

તંત્રીસ્થાનેથી...

પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો પરથી એક ઊડીને આંખે વળગે એવું તારણ કર્યું ? વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની જુગલબંધીનો જાદુ પંજાબ સિવાય આખા ઉત્તર ભારતમાં છવાઈ ગયો છે. ઉત્તરપ્રદેશમાં 'બે ગુજરાતી નેતાઓ' અમારો શું ઉદ્ધાર કરવાના છે. એવાં ભાષણો કરનારાઓની પ્રજાએ બોલતી બંધ કરી દીધી છે. ખુદ વડાપ્રધાન કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે આટલી અધધધ બેઠકોની અપેક્ષા નહીં રાખી હોય. અલબત્ત, નરેન્દ્ર મોદી અત્યંત આત્મવિશ્વાસપૂર્વક જાહેર રેલીઓમાં કહેતા રહ્યા કે ત્રિશંકુ વિધાનસભા બનશે એવાં તારણો કાઢનારા ખાંડ ખાય છે. લોકસભાની ચૂંટણી વખતે આપ્યો એવો જ જડબેસલાક ચુકાદો ઉત્તરપ્રદેશની જનતા વિધાનસભાની ચૂંટણીમાં પણ આપશે એવી શ્રદ્ધા સાથે એમણે ઝંઝાવાતી પ્રચાર કરીને અખિલેશ - રાહુલની સગવડિયા ગોઠડીનો છેદ ઉડાડી દીધો. સામાન્ય રીતે છેલ્લાં ઘણાં વર્ષોથી ઉત્તરપ્રદેશમાં સપા અને બસપાની સંતાકૂકડી ચાલતી રહી હતી. એ ન્યાયે છેલ્લાં વર્ષો દરમિયાન બસપાનાં મહત્ત્વાકાંક્ષી મહિલા નેત્રી ઉત્તરપ્રદેશનો તાજ પહેરવાનાં હકદાર લાગતાં હતા. ભાજપ પાસે પ્રભાવશાળી પ્રાદેશિક નેતૃત્વ ન હોઈ જે કંઈ મળે તે નરેન્દ્ર મોદીના નામે મળવાનું હતું. આ માટેનું બહુ જ ઝીણવટપૂર્વકનું અને ગણતરીપૂર્વકનું આયોજન કરનારા ભાજપના 'ચાણક્ય' અમિત શાહે જે પાણીએ મગ ચડે તે પાણીએ ચડાવવાની કૂટનીતિ અપનાવી હતી.

ધ્યાનાર્હ છે કે ઉત્તરપ્રદેશની ચૂંટણીનું સમરાંગણ ફક્ત વિકાસના નામ પર નથી જીતી શકાઈ. એ જીતમાં રામલલ્લાથી લઈ ગંગા સુધીનાં હિંદુત્વનાં પ્રતીકોનો ભરપૂર વિનિયોગ સધાયો હતો અને જીત માટે સાક્ષી મહારાજ અને યોગી આદિત્યનાથથી લઈ વિનય કટિયાર સુધીના ઝનૂની હિંદુત્વવાદી નેતાઓએ બંધારણની મર્યાદાઓ ઓળંગીને બેફામ નિવેદનો ઝીંક્યાં હતાં. જો કે છેલ્લો વિજય ડંકો તો મોદીએ જ વગાડ્યો. વારાણસીમાં અને ઉત્તરપ્રદેશમાં અન્ય શહેરોમાં ધામા નાખીને એમણે આખી ચૂંટણીને પોતાની પ્રતિષ્ઠાના જંગમાં ફેરવી નાખી હતી. પ્રજામાં અખિલેશની ઈમેજ ઊંચકાઈ ખરી, પણ એને પોતાનો જ પારિવારિક કલહ નડ્યો. પિતા મુલાયમનું ઢચુપચું વલણ, કાકા શિવપાલની વસમી કોમેન્ટ્સ અને માયાવતી દ્વારા ઊભા કરાયેલ સો મુસ્લિમ ઉમેદવારોએ રાહુલ-અખિલેશનું ચૂંટણી ગણિત ખોરવી નાખ્યું. રાહુલ ગાંધીને પણ લાકડાની તલવારે લડવું પડ્યું. બહેન પ્રિયંકા રાયબરેલી સિવાય કયાંય જ ફરકી નહીં તેમ સોનિયા ગાંધીએ તો તબિયતના નામે હથિયાર જ હેઠાં મૂકી દીધાં. ફક્ત પંજાબમાં અકાલી-ભાજપ જોડાણને પરાસ્ત કરી કોંગ્રેસે એનું વજૂદ બચાવવાનો પુરુષાર્થ કર્યો છે, પરંતુ પંજાબનો વિજય કેપ્ટન અમરિંદરસિંહ અને નવજોતસિંધુને આભારી છે તેમ મણિપુરનો દેખાવ વર્તમાન મુખ્યમંત્રીની લોકપ્રિયતા સૂચવે છે. કોંગ્રેસમાં નેતૃત્વનો કરિશ્મા અકબંધ જળવાઈ રહેવાની શક્યતા સરજાઈ છે. ગુજરાત તો બેઉ ગરવા ગુજરાતીઓને ફૂલડે જ વધાવવા રહ્યા!

પર્યાવરણીય ઉત્સવ – હોળી

આજે હોળી, એક પર્યાવરણીય... એક ખગોળીય તહેવાર. હિંદુ મહિનાઓ પૈકીનો એક માસ ફાગણ અને હિંદુ ઋતુ વસંતઋતુ.

કૃષ્ણ પક્ષે ફાગણ માસ પંચની રંગપંચમી તરીકે પણ ઉજવાય છે.

દિવસ વસંતઋતુ દરમિયાન આવે છે. વસંત ઋતુ એટલે વનસ્પતિ પર ફુલો આવવાની ઋતુ. ફલો એટલે રંગ, મહેક અને માદકતા ઉપરાંત ફલો અને બીજનું પ્રથમ પગથિયું. ફલો અને બીજ થકી વનસ્પતિ જગતમાં નવસર્જન થવું. નવા અંકુરણ, છોડ, વૃક્ષ અને વેલાઓનું આગમન.

આ જ શાળામાં શિયાળાની ઠંડીની વિદાય અને ઉનાળાની ઉષ્માનું આગમન થાય છે. ઉત્તરાયણ બાદ સૂર્યને બદલેલી દિશાની અસરો વર્તાવી શરુ થાય. શિયાળુ પાક લણાઈ જાય અને ધરતી માતા થોડા સમય માટે સમાધિ અવસ્થામાં ચાલી જઈને આરામ કરે અને સૂર્યના ધગધગતા તાપમાં તપસ્યા કરે. વૃક્ષો પર જાણે એક તરફ ફુલોથી વરણાગી વેશ ધારણ કરે અને બીજી તરફ પર્ણો ખેરવીને વૈરાગ્ય પણ ધારણ કરે.

ખગોળીય ઘટનાની વાત કરીએ તો હોળીએ દિવસ એટલે ફાગણ સુદ કે શુક્લ પક્ષની પૂનમ - પૂર્ણિમાનો, પૂર્ણ ચંદ્રનો દિવસ. હોળી માર્ચ માસમાં આવે છે. ૨૧મી માર્ચ વિશ્વ વન દિન તરીકે ઉજવાય છે અને ૨૧મી માર્ચ વાસંતિક સમપ્રકાશીય તરીકે જાણીતો છે. આ દિવસે દિવસ અને રાત સરખાં હોય છે.

હોળીની ઉજવણીમાં રંગો કેમ છાંટવાના? પ્રસંગ ઉજવણી... ખુશી... ઉલ્લાસ...પ્રેમ... લાગણી... આત્મીયતાની અભિવ્યક્તિ. વસંત ઋતુ એટલે વૃક્ષની ફુલોની... રંગોની ઋતુ. આજ ઋતુમાં પશુ-પક્ષીઓની સંવનની ઋતુ.

પારંપરિક અને સાંસ્કૃતિક રીતે ઉજવાતો હોળીનો આ તહેવાર લોકોને પર્યાવરણ કે કુદરતી પરિવર્તનો સાથે જોડવાનો, જાગૃત કરવાનો એક પ્રયાસ છે. પરંતુ ધીરે ધીરે તેના મૂળ ઉદ્દેશ કે હેતુને ભુલીને ફક્ત એક ઘટના ક્રમની જેમ ઉજવણી થતી ગઈ. સહુ પ્રથમ તો આજે વસંત ઋતુમાં વનસ્પતિ કે વનો કેવા રંગરૂપ ધારણ કરે તેને જોવા કે માણવાની તક કયાં મળે છે. એક તો લોકો વ્યવસાય અને અર્થોપાર્જનમાંથી સમય કાઢી શકતાં નથી. અને બીજું આપણા જીવનમાંથી ધીરે ધીરે વનો-જંગલો-વૃક્ષોનો વિનાશ થઈ રહ્યો છે. તેની સાથે સાથે શીતળ છાયા, હરિયાળા દશ્યો, ફળ, ફુલ, પક્ષીઓ, પક્ષીઓ, પતંગિતાઓના જાણે કેટલું બધું દૂર થઈ રહ્યું છે.

વસંતઋતુ કોને કહેવાય ? કે કેવી હોય ? તે મોઢની બોલવાની કે પુસ્તકોમાં વાંચવાની ઘટના નથી. કુદરતી વિસ્તારો, વનો-જંગલો જઈને જોઈએ ત્યારે ખબર પડે કે વસંત આને કહેવાય. આખું આકાશ રંગબેરંગી ફુલોથી રંગાઈ ગયું હોય. ધરતીમાએ તેની ગોદ વૃક્ષોએ સમર્પણ કરેલ ફુલોથી સુંદર મજાની સાડી પહેરી હોય અને તે નવસર્જનની તૈયારીમાં પડી હોય તેવું દશ્ય ખડું થાય છે.

આજના પર્યાવરણ પ્રેમીઓ દ્વારા હોળીની ઉજવણી દરમિયાન પર્યાવરણ હાનિના ભય પ્રદર્શિત કરવામાં આવ છે તેમાં ફક્ત ઝેરી રાસાયણિક રંગો પુરતી મર્યાદિત રાખવાની આવશ્યકતા છે. હિંદુ તહેવારો - ઉત્સવો પર્યાવરણ રક્ષણના સંદેશ આપે છે.

આધુનિક સંશોધનો, સંશાધનો, રહેણીકરણી પદ્ધતિથી પર્યાવરણીય કેટલું મોટું નુકશાન થઈ રહ્યું છે. તેના સંદેશ ઓછા કે નબળા અપાય છે જયારે તહેવારના એક જ દિવસને વધુ મહત્ત્વ અપાઈને ઉજવણીને જે રીતે ટીકાત્મક કે બદનામી કરવાના આધારો મુકાય છે તે યોગ્ય નથી.

હોળીની ઉજવણી કુદરતી - પ્રાકૃતિક છે અને હતી સમય જતાં તેમાં ફેરફારો થતાં રહ્યાં છે પરંતુ આ ઉજવણી દરમિયાન તે મૂળભૂત હાર્દને સમજીને પર્યાવરણ રક્ષણ, જાણવું - માણસું પ્રાથમિક કે મુખ્ય પ્રાથમિક કે મુખ્ય ગણીએ તે જ સાચી ઉજવણી કહેવાય.

શું તમે કોઈને I LOVE YOU કે 'પ્રિયે પ્રાણેશ્વરી' કહ્યું છે?

એક વખત હતો કે લગ્ન પહેલા પત્નીનો ચહેરો પણ જોવા નહોતો મળતો અને લગ્ન થઈ જતા. બીજો વખત હતો લગ્ન માટે સ્વયંવરો યોજાતા અને પરિવાર તથા સમાજના નીતિ નિયમો મુજબ સંબંધો બનતા. જ્યારે આજનો વખત છે ઈન્ટરનેટ દ્વારા દુનિયાના કોઈપણ છેડે સંબંધ બને છે. અને લગ્ન પહેલા બન્ને પાત્રો પોતાની ઈચ્છા મુજબ એકબીજાને સંપૂર્ણ રીતે જોઇ, મળી, સમજી લેતા હોય છે.

પહેલાના વખતમાં પ્રેમની અભિવ્યક્તિ કરવી એટલે મહિનાઓ અને વર્ષો વિતી જતા અને આજે એક જ ક્ષણ લાગે છે અગાઉ રાજા મહારાજાઓ જંગલમાં શિકાર કરવા જતા અને કોઇ વનકન્યાને જોઇ તેના પ્રેમમાં પડી જતા તો રાજા હોવા છતા પણ એનું નામ ઠામ પૂછવાની કે વાત કરવાની હિંમત કે ધૃષ્ટતા નહોતા કરી શકતા (એ સ્ત્રી દાક્ષિણ્ય પણ હતું) પરંતુ તપાસ કરાવી વિધીસર માગું મોકલીને લગ્ન કરતા હતા. એ વખતે પ્રેમની અભિવ્યક્તિ શબ્દોને બદલે આંખોથી વિશેષ થતી અને સ્ત્રીઓનું પ્રેમાભિવ્યક્તિનું સૌથી કિંમતી આભુષણ હતું એમની ''શરમ'' ''લજ્જા'' મોટાભાગના પુરુષો એ વખતે સ્ત્રીઓની લજ્જા ઉપર મરી મીટતા. આજની વૉટ્સપની દીકરીઓ અને ફેસબૂક સુંદરીઓ કુદરતનું આ અનમોલ આભુષણ ''લજ્જા'' ગુમાવી બેઠી છે. એ વખતે તો એકબીજાને જોવામાં મહિનાઓ વિતી જતા. પછી કંઈક ગોઠવાય તો મળવાનું બને. અને એ પણ બન્ને વચ્ચે એકાદ ફૂટનું અંતર રાખી કલાકોના કલાકો એકબીજાની સામે જોયા – સ્પર્શ્યા વિના પગના અંગુઠાથી જમીન ખોતરતા વાતો કરવાની, છોકરીના કોમળ ચહેરા પરથી શરમના શેરડાઓ વહેતા હોય અને છોકરાના મનમાં વગર દીવાળીએ ભંભોટિયા ફૂટતા હોય. જો આ દશ્ય વાસ્તવિક હોય તો આખા ગામમાં ને આસપાસના પંથકમાં ચર્ચાનો વિષય બને અને જો ફિલ્મનું દશ્ય હોય તો ઝાડ ઉપર બે કબૂતરને ચાંચમાં ચાંચ પરોવતા બતાવીને કમળ કે ગુલાબના ફૂલ ઉપર ભમરાને રસ ચૂસતો બતાવીને પ્રેક્ષકોના હદયમાં રોમાન્સના તસતસતા રસગુલ્લાઓ વહેતા કરવામાં આવતા.

આપણે ત્યા પ્રેમની અભિવ્યક્તિના માધ્યમો હંમેશાં બદલાતા રહ્યા છે. '' કબૂતર જા... જા... જા.. થી લઈને વૉટ્સપના I MISS YOU કે I LOVE YOU સુધી પ્રેમ અનેક યુગો, દેશો, સમાજો, પરિસ્થિતિઓ, ભાષાઓ અને સંસ્કૃતિઓમાંથી પસાર થઈને આજે ૨૧મી સદીમાં સાવ સસ્તો થઇ ગયો છે. પહેલા તો પ્રેમના ઉદભવથી અભિવ્યક્તિ અને અભિવ્યક્તિથી સ્પર્શાનુભૂતિ સુધી પહોંચવા માટે કેટલી તપસ્યા કરવી પડતી અને આજે શરૂઆત જ સ્પર્શાનુભૂતિથી થાય છે. જેમાં અભિવ્યક્તિ જેવું કશું જ રહ્યું નથી. આજે ઘેર ઘેર વ્યક્તિ સ્વાતંત્ર્યની વિચારધારાઓ વહેવા લાગી છે. માતૃત્વ ધારણ કરીને વનમાં પ્રવેશેલી મમતાસભર માતાઓ ખુદ વૉટ્સપની મોહમાયામાં ફસાઇ જાય છે પછી એમની કુહુ કુહુ કરતી કામિની કોકિલ કૂંજનિકાઓ આ વૈશ્વિકસંપર્કની સોનેરી સૃષ્ટિમાં શા માટે ના વિહરે?

સમય બદલાય છે તેમ તેમ પ્રેમની અભિવ્યક્તિ પણ બદલાય છે. પ્રેમના સર્વમાન્ય અર્થની ગતિ સૂક્ષ્મમાંથી સ્થૂળ તરફની થઇ છે. આજે આઇ લવ યુ જ્યા ને ત્યા વપરાય છે. પહેલા આ ત્રણ શબ્દો બોલવા એ હિંમતનું કામ હતું. આજે સાવ ગમે તેવા માણસો ગમે તેવાઓને ગમે ત્યા ગમે ત્યારે આઇ લવ યુ કહી છે. પહેલા માત્ર છોકરો – છોકરી જ આઇ લવ યુ કહીને આગળ વધતા હતા. જ્યારે આજે તો દરેક સંબંધમાં '' આઇ લવ યુ '' નો ટ્રેડ ચાલ્યો છે. જો કે આની પાછળનું કારણ 'ફેસબૂક' અને 'વૉટ્સપ' છે. ભારતીય માનસિકતાને કારણે ભારત સિવાયના મોટા ભાગના દેશોમાં આઇ લવ યુ સામાન્ય રીતે કોઇપણ વ્યક્તિ પ્રત્યે આદરપૂર્વકની વિશેષ લાગણી પ્રદર્શિત કરવા માટેનો સર્વ માન્ય શબ્દ છે. બીજા દેશોમાં પત્નીની હાજરીમાં પતિ પત્નીની જ કોઇ મિત્ર કે કોઇ સ્ત્રી સંબંધીને આઇ લવ યુ કહી શકે છે. આપણે ત્યા કહ્યું હોય તો રાત્રે ઘરમાં મહાભારત થાય. અને દામ્પત્યજીવન જોખમાઇ જાય. જો કે હવે આપણે ત્યા પણ મોટા શહેરોમાં અને ખાસ કરીને ઉચ્ચ – ધનવાન વર્ગમાં, સેલિબ્રિટીઝ વર્ગમાં આ ''આઇ લવ યુ'' સર્વસામાન્ય બનતું જાય છે. માતા કે પિતાની હાજરીમાં પોતાના મનપસંદ મિત્રોને આઇ લવ યુ કહેતા આજના સંતાનો ડરતા નથી. ફેસબૂકમાં પણ બિન્દાસ રીતે પોતાના બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડને જાહેરમાં આઇ લવ યુ ની કોમેન્ટ લખી શકે છે. જો કે આ ત્રણ શબ્દો હવે ઘણા લખવા ખાતર પણ લખી નાખતા હોય છે. તો વળી ઘણા લોકો આ ત્રણ શબ્દોને વારંવાર દરેક વ્યક્તિ સામે બોલીને ''તકિયા કલામ'' પણ બનાવી દેતા હોય છે જેમને એના ભાવ કે અનુભૂતિ સાથે કશું જ લેવા દેવા નથી હોતું. આવી વ્યક્તિનું સાચું આઇ લવ યુ પણ લોકો તકિયા કલામ જ સમજે છે. આજે ફેસબૂક કે વૉટ્સપ પર કોઇને આઇ લવ યુ ફ્રેન્ડ લખીને મેસેજ મોકલતા સામેની વ્યક્તિને ખરાબ લાગતું નથી. જ્યારે અગાઉના વર્ષોમાં જો કોઇ છોકરીને આઇ લવ યુ કહયું અને તેને ના સ્વીકાર્યું તો યુદ્ધ ફાટી નીકળવા સુધીની પરિસ્થિતિ સર્જાઇ જતી. જો કે એક વાત એ પણ સ્વીકારવી જોઇએ કે આજની જનરેશને આ ત્રણ શબ્દોનો વ્યાપક અર્થે બનાવ્યો છે. માત્ર છોકરા – છોકરી વચ્ચેના સંબંધના સીમિત અર્થમાંથી મૂક્ત કરીને ગમતી કે ગમતા મિત્રને, ભાઇ-બહેન, માતા પિતા કે કોઇપણ સગા સંબંધીને પણ સહજતાથી આઇ લવ યુ આજે વિના સંકોચે કહેવાઇ રહ્યું છે. આ ત્રણ શબ્દોની અર્થાભિવ્યક્તિ ખુબ જ વિસ્તૃત થઇ છે. પણ એનો ભાવ – સંવેદના સીમિત થયા છે. એમાં રહેલી પ્રેમની પ્રગાઢતા હવે અનુભવાતી નથી.કેમ કે વૉટ્સપ કે ફેસબૂકમાં આવેલું આઇ લવ યુ કેવી રીતે સાચવવું ? વળી આજે આપણે પણ દરરોજ અનેક વૉટ્સપ પ્રેમીઓને સવાર સાંજ પ્લાસ્ટીકના ફૂલ જેવું આઇ લવ યુ કહેતા હોઇએ છીએ. જેની સામેની વ્યક્તિ પર કોઇ અસર થતી હોતી નથી. ઉપરથી સામેની વ્યક્તિ આપણું ''આઇ લવ યુ'' ફોરવર્ડ કરીને બીજા પાંચ દસ એના ફ્રેન્ડ્સને મોકલી દેતી હોય છે. અને સાંજ સુધીમાં એ જ આપણું આઇ લવ યુ બીજા કોઇ દ્વારા આપણને મળતું હોય છે. અને ઈલેક્ટ્રિનિક કચરામાં ફેરવાઇ જતું હોય છે.

આ રીતે જોઇએ તો આજનો પ્રેમ માત્ર ''કૉપી પેસ્ટ અને ફોરવર્ડ'' થઇ ગયો છે. પોતાની મૌલિક સંવેદના ગુમાવી બેઠો છે. આપણે બીજાની ઉછીની સંવેદનાઓ બીજાને વહેતી કરીએ છીએ અને કોઇકના ફોરવર્ડ કરેલા આઇ લવ યુ થી ખુશ થઇને જીવીએ છીએ વળી પ્લાસ્ટીકના ફૂલોની સુગંધ લઇને મહેકવાનો ભ્રમ ઉત્પન્ન કરીએ છીએ.

તો આવો, આવા ભ્રમમાંથી મૂક્ત થઈને સાવ સાચા હદયથી આપણી સાચી પ્રેમાનુભૂતિ કિશોરદાના અવાજમાં વહેતી કરીને આપણા પ્રિય પાત્રને પાછું બોલાવીએ.

''પ્રિયે પ્રાણેશ્વરી... !!!

યદી આપ હમે આદેશ કરે તો પ્રેમ કા હમ શ્રી ગણેશ કરે... પ્રિયે પ્રાણેશ્વરી... !!!

'... ક્યોંકી... 'બુરા ના માનો' હોલી હૈ...!!!'

આ લખાય છે ત્યારે શનિવારની વહેલી સવારે ટીવીના પડદા પર પાંચ રાજ્યોની ચૂંટણીની મતગણત્રી શરુ થવાની તૈયારીઓ શરુ થઇ ચુકી છે. જુદી જુદી ચેનલો પર આવેલા ઓપીનીયન પોલને આધાર બનાવીને ટીવીના એન્કર્સ અને રાજકીય નેતાઓ પોતાને ગમતો અર્થ કાઢી રહ્યા છે જો કે સાચું પરિણામ તો ગણતરી પછી આવશે એ જ ગણાવાનું છે પણ આ ઓપીનીયન પોલ પણ મજાની બલા છે. ઓપીનીયન પોલનું એવું છે કે પરીક્ષામાં પેપર આપીને બહાર નીકળતા પરીક્ષાર્થીને એમ પૂછો કે 'કેવું હતું પેપર ?' તો એ કાઈ એમ થોડો કહે કે અઘરું હતું...! ૧૦૦ માંથી ૯૯ તો 'અરે ઈઝી હતું' એમ જ કહે! ખબર નહિ કઈ રીતે અને કેવા પ્રકારે આ ઓપીનીયન પોલ કરવામાં આવે છે પણ ઈતિહાસ ગવાહ છે કે અમુક અપવાદને બાદ કરતા આવા પોલ્સ અસલ પરિણામની આસપાસ નીકળ્યા છે. પરિણામો પર ચર્ચા ફરી ક્યારેક પણ જો ઓપીનીયન પોલ્સ મુજબ ચાલીએ તો આ હોળી કોંગ્રેસ માટે કલરલેસ સમાચાર લઈને આવશે એ નક્કી છે, સિવાય કે યુપી સિવાય ક્યાંક બીજેથી થોડાક 'સારા સમાચાર' આવે તો...! બાકી 'કાંટે કી ટક્કર' યુપી માં સાઈકલ પર બેકસીટ મુસાફરી કરવા છતાં પણ જો સત્તા નહિ મળે તો રાહુલ માટે 'આલું કી ફેક્ટરી' લગાવવાનું 'અઘરું' થઈ જવાનું અને જો બહુમતી મળે તો પણ જશનો લાડવો તો અખિલેશ જ ખાઈ જવાના એ નક્કી છે. અને અખિલેશે 'બુઆજી' સાથે હાથ મિલાવવાના આડકતરા સંકેત આપીને મોદીજીને એક હળવો હાર્ટ-એટેક તો આપી જ દીધો છે...! તો સામે છેડે ભાજપ માટે અને ખાસ કરીને મોદી માટે ૧૪ વર્ષની સાથે સાથે ફરી બીજા પાંચ વર્ષનો વનવાસ થઇ જવાનો. મોદીએ એકલે હાથે યુપી ચુંટણી પ્રચારની કમાન સંભાળેલી એટલે જો યુપી નહિ મળે તો મોદીસાહેબ સફેદ રંગથી ધૂળેટી રમવાના આ વખતે પણ આ લખાય છે ત્યારે મળતા પ્રારંભિક પરિણામો મુજબ તો બાકીની પાર્ટી ભાજપ અને મોદી સાહેબને ' માર ડાલા.....માર ડાલા....' સંભળાવતી થઇ જાવાની એવું લાગે છે...! હા આ બધા વચ્ચે ફુલ્લી કલરફૂલ ધૂળેટી કોઈ રમી શકશે તો એ અરવિંદ કેજરીવાલ હોવાના..! સરકાર બને કે ના બને પણ દિલ્હી કી પાલટી કહી જાનેવાલી 'આપ' નું પંજાબમાં પ્રદર્શન એમના 'ઝાડુ' માં એક વધુ 'સળી' ઉમેરનારું બની રહેશે...!

'સળી' કરવાની શરૂઆત તો ટ્રમ્પભાઈએ પણ કરી જ દીધી છે. બહુ ડાહી અને લોકશાહીની રખેવાળ ગણાતી અને નૈતિક અને માનવીય મુલ્યોની જાળવણી કરવાની બડાઈઓ ઠોકતી અમેરિકન પ્રજાએ કઈ હિસાબે અને શું જોઈને આ ભાઈને પ્રેસીડન્ટ બનાવ્યા છે એ હજુયે દુનિયાની સાથે સાથે ખુદ ટ્રમ્પ માટે પણ મોટો કોયડો બની ગયો છે...!પણ રાજનીતિ માટે એમ કહેવાય છે ને કે સત્તામાં આવનારો હમેશા જેને હરાવીને સત્તામાં આવ્યો હોય એનાથી અવળી જ રીતિરીવાજો અપનાવવાનો , કદાચ ટ્રમ્પભાઈ એ જ રસ્તે ચાલી નીકળ્યા છે પણ એમના આ રસ્તાને લીધે આપણા ભાઈઓ ને તકલીફ પડવાની એ નક્કી છે..!! એનું કારણ છે કે જે નીતિઓ બતાવીને ટ્રમ્પભાઈ સત્તામાં આવ્યા છે એ નિભાવ્યે જ છૂટકો. મોસ પ્રોબેબ્લી તો ટ્રમ્પ ભાઈ આઉટર્સોસિંગ પર ડાકો ડાલશે પણ જેમ એક ઈન્ટરવ્યુંમાં ક્યાંક આપણા જ એક આઈટી માંધાતાએ કહ્યું છે એમ કે 'જો અમેરિકનોમાં દમ હોય (આઈ મીન એટલા ઈન્ટેલીજન્ટ હોય) તો આઉટર્સોસિંગ કરવું જ ના પડે ને...!' વાતમાં દમ તો છે જ એટલે ટ્રમ્પભાઈ ફૂકીફૂકી ને જ ચાલવાના અને અત્યારે તો ત્રાસવાદી અને પાકિસ્તાન-અફઘાનિસ્તાન ઉપર જ એમના ગોલ્ડન હેર કોન્સન્ટ્રેટ કરવાના એ નક્કી છે છતાયે આ નહિ તો આવતી હોળી-ધૂળેટી સુધીમાં મુન્જવતો પ્રશ્ન એ જ રહેવાનો કે પ્રજાને 'જો તુમકો હો પસંદ, વોહી બાત કરેંગે' ગીત સંભળાવવા ઉત્સુક ટ્રમ્પ ની આગલી ચાલમાં કેટલા ભારતીયોને અસર થાય છે, એના પર આધાર છે એનઆરઆઈ ભારતીયોની આગામી હોળીની ઉજવણીની...! અને એવું થાય તો આપણે તૈયાર જ છીએ 'ઘર આ જ પરદેશી તેરા દેશ બુલાયે રે...' લલકારવા...!

લલકાર-ફ્લકાર તો હવે આપણા ગુજરાતમાં પણ શરુ થઈ જવાના કેમકે યુપી અને બીજા રાજ્યોમાં જો ભાજપ સારો દેખાવ કરશે તો (અને આ લખાય છે ત્યારે ભાજપ યુપી/ઉતરાખંડમાં બહુમતીની નજીક પહોચી જશે એવું દેખાય છે) ગુજરાતમાં વહેલી ચૂંટણીની શક્યતા વધી જવાની. દેખાવો અને આંદોલનોના 'મજબુત ઘેરાબંધી' થી ઘેરાયેલા વી. રૂ સાહેબની સરકારને હિમ્મત અને દિલાસો અને માર્ગદર્શન આપવા માટે થઈને મોદીસાહેબના વધી ગયેલા 'દૌરા' એ વાતનો સંકેત છે કે ગુજરાતને દિશા વગરના આંદોલનો અને ધરણા – દેખાવોથી આગળ લઈ જવા પર ભાજપ અને મોદી બંને ચિંતિત છે. અલ્યા ભાઈ, ખાસડા ફેંકવા, દેખાવો કરવા કે રેલીઓ કાઢવાથી આગળ પણ વિરોધ કરવાની બીજી રીતો છે જ ને..! વિરોધને નામે આ ધુળેટીએ કલરવાળા ફુગ્ગા પણ ફેંકી શકાય...લોલ્ઝ્ઝ્ઝ! આ તો એક વાત છે...! પણ જે રીતે યુપીમાં ભાજપ એકતરફી લહેર બનાવી શક્યું છે એ જોતા આવતી ધુળેટીએ ગુજરાતમાં કલરફૂલ ઉત્સવ મનાવવાનો મોદીસાહેબનો સો એ સો ટકા ઈરાદો હશે જ, ને આમેય હમણાં જ મોદીસાહેબ ગુજરાત મોજારે આવીને કહી ગયા એમ 'ચાહે લાખ તુફાન આયે' અને 'ચાહે ગમે એટલા મતભેદ હોય' છતાં પણ ચૂંટણી વખતે તો ' 'એકજુટ' થવાનું જ છે....એટલે આવતી ધૂળેટી કલરફૂલ રહેવાની ગુજરાતમાં એ નક્કી છે...! ત્યાં સુધી હાર્દિકભાઈ અને અલ્પેશભાઈના વાંધા-વચકા કેટલા આગળ વધે છે કે પછી સત્તાની સાઠમારીમાં આ બંને 'વિરલાઓ' સાઈડ લાઈન થઈ જાવાના એ તો 'વક્ત' 'હી બતાયેગા...!' પણ હકીકત એ છે કે આ લખાય છે ત્યાં સુધીમાં આવેલા પાંચ રાજ્યોની ચૂંટણીના રુઝાનો/પરિણામો એ એક વાત તો સાબિત કરી દીધી છે કે યુપી જેવા હાડોહાડ જાતિના રાજકારણમાં વહેચાયેલા પ્રદેશમાં પણ ભાજપે જે રીતે જાતી-ધર્મ થી ઉપર જઈને બહુમતીની નજીક બાજી મારી છે એના પરથી એક વાત તો સાબિત થાય જ છે કે મતદાર ખરેખર જાગૃત થઇ ગયો છે અને એ જ તર્જ પર જો ગુજરાત નું વિચારીએ તો જાતી આધારિત અનામત અને એના જેવા જ બીજા ફેક્ટરો પર મુસ્તાક રહેવા માંગતા લોકો એ સમજી જવું જોઈએ કે આવા 'મુદ્દા' હવે ચાલશે એવું માનવું સુગર ખાવા જેવું છે....!

વિસામો :

એ જી ફાગણ આવ્યો ફાંકડો કોઈ ફાગણ લ્યો, એનો વાંકડિયો છે લાંક રે કોઈ ફાગણ લ્યો

એ જી આંબાની મ્હોરી મંજરી કોઈ ફાગણ લ્યો, એવાં સરવર સોહે કંજ રે કોઈ ફાગણ લ્યો

એ જી દરિયા દિલનો વાયરો કોઈ ફાગણ લ્યો, એ તો અલમલ અડકી જાય રે કોઈ ફાગણ લ્યો

એ જી જુગલ વાંસળી વાજતી કોઈ ફાગણ લ્યો, એને નહિ મલાજો લાજ રે કોઈ ફાગણ લ્યો

- રાજેન્દ્ર શાહ